# શહેરમાં ઉલ્લાસપૂર્વક ઉતરાયણ પર્વની ઉજવણી

**પવન ફેવરેબલ રહેતા પતંગરસિયાઓએ મનભરીને ઉતરાયણની મજા લીધી : રંગીન આકાશી નઝારા વચ્ચે સેક્ટરોના ધાબાઓ પર રોનક જોવા મળી : કાપ્યો અને લપેટની બુમો વચ્ચે શેરીઓ અને ધાબાઓમાં ધમધમાટ જોવા મળ્યો : ચાઇનીઝ ગુબારાને અલવિદા સાથે નગરજનો સેફ્ટી ઉતરાયણ તરફ વળ્યા**

ગાંધીનગર તા ૧૫

યારી આપતા પતંગ રસિયાઓ

ઉતરાયણ પર્વમાં પવન ફેવરેબલ



પવન ફેવરેબલ રહેતા પતંગ રસિયાઓએ મનભરીને બે દિવસ ઉતરાયણ પર્વની મજા માંણી હતી. ઉતરાયણ પર્વ દરમિયાન આકાશમાં રંગબેરંગી પતંગોના પેચા વચ્ચે નભનો નઝારો નિખર્યો હતો. આકાશ રંગીન બનવાની સાથે ધાબાઓ અને સેકટરોની શેરીઓ પણ એ કાપ્યો .. અને લપેટ..ની બુમોથી ધમધમતી રહી હતી. પવને ગેલમાં આવી ગયા હતા. શહેરીજનોએ પારિવારિક માહોલમાં ઉતરાયણ પર્વની ઉજવણી કરી હતી. જયારે ઉતરાયણ પર્વ નિમિત્તે દાનપુણ્યનુ મહત્વ પણ વિશેષ હોવાથી ગરીબોને દાન તેમજ ગાયને ઘાસ ખવડાવવા માટે પણ શહેરીજનો ઉત્સુક જોવા મળ્યા હતા.

આકાશને રંગીન બનાવતા રહેતા પતંગરસિયાઓ ગેલમાં આવી ગયા હતા. પવને યારી આપતા બે દિવસ પતંગરસિયાઓએ મનભરીને પતંગ ચગાવાની મજા માંણી હતી. આકાશ પણ રંગબેરંગી પતંગોથી ભરાઇ ગયુ હતુ. ધાબાઓ પરથી એ કાપ્યો છે.. લપેટ ની બુમો વચ્ચે સેકટરોની શેરીઓ ગુંજી ઉઠી હતી. રંગબેરંગી પતંગોના પેચા વચ્ચે નિખરતા નભનો નયનરમ્ય નઝારો

જોવા મળ્યો હતો. વહેલી સવારથી પતંગરસિકો ધાબા પર ચઢી ગયા હતા. જયારે પવન પણ સવાર થી જ ફેવરેબલ હોવાથી સેકટરવાસીઓને પતંગ ચગાવાની મજા પડી ગઈ હતી. આડા દિવસે સુમસામ જોવા મળતા





મકાનોના ધાબા પર ટોપી ચશ્મા અને ફેશનેબલ વસ્ત્રોમાં સજ્જ પતંગ રસિયાઓથી કલરફુલ વાતાવરણ જોવા મળ્યુ હતુ. ધાબાઓ પર મ્યુઝિક સિસ્ટમ અને ડિ જે ના સુર વચ્ચે અવનવા ગીત સંગીતની મજા વચ્ચે નગરજનોએ પતંગોત્સવની ભરપુર મજા લીધી હતી. બપોરના સમયે પણ પવન યથાવત રહ્યો હતો. પરંતુ બપોરે પતંગ રસિયાઓએ થોડો આરામ કરી



લીધો હતો. સાંજના સમયે ફરી સેકટરોમાં પતંગોત્સવનો રંગ જામ્યો હતો. પતંગની સાથે ઉંધિયા જલેબી સહીતની અવનવી ખાદ્યસામગ્રીની મજા પણ લીધી હતી. સાંજ ઢળતા જ સેકટરોના ધાબા પર ફટાકડા ફુટયા હતા. પતંગની સાથે બલુન પણ આકાશમા ઉડતા નજરે પડ્યા હતા. જો કે આ વર્ષે ચાઈનીસ ટુક્કલ પર કડક પ્રતિબંધનો અમલ થતા નગરજનો આ જોખમી ગુબારાથી દુર રહ્યા હતા. જયારે રંગબેરંગી આકાશ વચ્ચે આંતશબાજીના લીધે આકાશી નઝારો વધુ આકર્ષક બન્યો હતો. સેકટરોમાં ઢળતી સાંજે પતંગોત્સવની મજા બાદ પતંગરસિયાઓ ગરબે ઘુમ્યા હતા.ઉતરાયણમાં સવારે મંદિરોમાં પણ ભાવિકોની ભીડ જોવા મળી હતી. જયારે ગાયને ઘાસ સહીત ગરબોને વસ્ત્ર દાનનુ પણ વિશેષ મહત્વ હોવાથી નગરજનોએ વિશેષ દાન પુણ્ય કમાવવા જરૂરીયાત મંદોને કપડા તેમજ ખાદ્ય ચીજ વસ્તુઓનુ વિતરણ કર્યુ હતુ. ઉતરાયણ પર્વ દરમિયાન બે દિવસ પવનનો સાથ રહેતા પતંગ રસિયાઓએ મનમુકીને પતંગની મજા માંણી હતી. શહેરમાં ઉતરાયણ પર્વની શાંતિપુર્વક અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં ઉજવણી થઈ હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**બહેન, શું કહું...! ઉત્તરાયણ કેવી ગઈ... ઢાલ જેવી સાસુ, પુંછડીયા સસરા અને કાચા માંજા જેવી નણંદને ફુદા જેવા તેના છોકરા ટપક્યા, તેમાં મારા તો કીન્નાજ ડૂલ થઈ ગયા...!!**

# શહેરમાં પતંગની દોરીથી ૧૦૦ જેટલા પક્ષીઓ ઘાયલ

**મોટાભાગના પક્ષીઓને તાત્કાલિક સારવાર આપી બચાવી લેવાયા : સૌથી વધુ કબૂતર ઘાયલ થયાં : સમડી, ઘુવડ, કાગડા અને કાકરસારનો પણ સમાવેશ**

ગાંધીનગર, તા. ૧૫

એ કાઈપો છે... લપેટ... લપેટ... વગેરેની બુમાબુમ વચ્ચે શહેરમાં અંદાજે ૧૦૦ જેટલા



પક્ષીઓ પતંગની દોરીથી ઘવાયાં હતા. જેમાંથી મોટા ભાગના પક્ષીઓને સારવાર આપી બચાવી લેવામાં આવ્યાં હતા. આ પક્ષીઓમાં મોટે ભાગે કબૂતર હતા પરંતુ આ ઉપરાંત સમડી, કાકરસાર, ઘુવડ અને કાગડાં વગેરેનો પણ સમાવેશ થાય છે.

ગાંધીનગરમાં ઉત્તરાયણ નિમિત્તે ગીર ફાઉન્ડેશન તથા વન વિભાગ દ્વારા વનશ્રી ટ્રસ્ટ સહિતની સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગ સાથે કરૂણા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. કરૂણા અભિયાન અંતર્ગત ઘ-૪ સર્કલ પાસે સેક્ટર-૧૭ની નર્સરી ખાતે સારવારની સુવિધા ઉભી કરાઈ હતી. આ અભિયાન અંતર્ગત ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ એમ બે દિવસ દરમ્યાન ૮૧ કબૂતર, ૩ સમડી, ૨ કાકરસાર અને ૧ ઘુવડને ઘાયલ સ્થિતિમાં સ્વયંસેવકો દ્વારા રેસ્ક્યુ માટે લવાયાં હતા. આમ કુલ ૮૭ પક્ષીઓને આ અભિયાન અંતર્ગત સારવાર અપાઈ હતી જેમાં મોટા ભાગના પક્ષીઓને બચાવી લેવામાં સફળતા મળી હતી. સદ્‌ભાગ્યે આ બાબતે કોઈપણ દુર્લભ કહી શકાય તેવુ પક્ષી દોરીનો શિકાર બન્યુ નહોતુ. આ ઉપરાંત મુક્તિધામ ખાતે પણ પક્ષી બચાવ કાર્ય હાથ ધરાયું હતું.

### મુક્તિધામ ખાતે ૧૪ પક્ષીને સારવાર અપાઈ

શહેરના સેક્ટર-૩૦ સ્થિત મુક્તિધામ ખાતે પક્ષી બચાવ કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં બે દિવસ દરમ્યાન ૧૩ કબૂતર, ૨ કાગડાં અને એક ક્રેઈન પક્ષીને સારવાર આપવામાં આવી હતી. અહીં પણ મોટા ભાગના પક્ષીને તાત્કાલિક સારવાર આપવામાં આવી બચાવી લેવાયાં હતા.

## સરકારી-બિનસરકારી અનુદાનિત કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓને ૧ જાન્યુઆરી-૨૦૧૯થી સાતમા પગાર પંચ મુજબ પગાર ચૂકવાશે

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની સરકારી યુનિવર્સિટી અને યુનિવર્સિટી સંલગ્ન સરકારી-બિનસરકારી અનુદાનિત કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓને કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણ મુજબ પગાર સુધારણાનો લાભ સ્કેલ ટુ સ્કેલ આપવાનો નિર્ણય કર્યો છે. આવા કર્મચારીઓને તા. ૧ જાન્યુઆરી-૨૦૧૯થી સાતમા પગાર પંચ મુજબના પગાર ધોરણ મુજબ પગાર ચુકવવામાં આવશે.

**અનોખા દાનની અનોખી પહેલ**

# મધ્યાહ્‌ન ભોજન યોજનામાં બાળકો ચમચીથી ભોજનનો સ્વાદ માણે છે

ગાંધીનગર, તા. ૧૫

અનોખા દાનની અનોખી પહેલ એ ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાહ્‌ન ભોજન યોજનામાં સુવિધાનો વધારો કર્યો છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સુશ્રી અર્ચનાબેન પ્રજાપતિએ મધ્યાહ્‌ન ભોજન યોજનામાં બાળકોને ચમચી સાથે ભોજન આપવુ જોઈએ. ઉત્તરાયણના દિવસો છે અને દાનનો મહિમા છે તો બાળકો માટે આ નાનુ દાન પણ મહત્વનું પુરવાર થશે.

પ્રા. શાળાના બાળકોને ગરમ ગરમ દાળ-ભાત, શાક



પીરસવામાં આવે છે. ખોરાક ગરમ હોવાથી બાળકોને તકલીફ પણ પડતી હોય છે. આવો ઉમદા વિચાર તેમણે રજુ કર્યો.

ત્યાં સર્વશિક્ષા અભિયાન પ્રોજેક્ટસના અધિકારીઓએ વાત ઉપાડી લીધી અને બાળકો માટે ચમચીઓ ખરીદી આપી એક-બે સ્કૂલમાં આવ્યું ત્યાં તો સીઆરસી, બીઆરસી સહિતના ઘણા બધા વાલીઓ પણ આગળ આવ્યા. શાળાઓમાં હવે ચમચી સાથે બાળકો મધ્યાહ્‌ન ભોજન યોજનાને માણે છે.

જિલ્લામાં મધ્યાહ્‌ન ભોજન યોજનાનો પ્રાયોગિક પ્રારંભ તત્કાલીન મુખ્યમંત્રી માધવસિંહજી સોલંકીએ કરાવ્યો હતો. શાળામાં બાળકોનું સ્થાયીકરણ એ હેતુ આ યોજના પાછળ હતો.

# ગાંધીનગરમાં કવિ શૈલેષ પંડ્યા ‘ભીનાશ’ના કાવ્ય પઠનનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના જાણીતા કવિ શૈલેષ પંડ્યા ‘ભીનાશ’ દ્વારા તાજેતરમાં યુથ હોસ્ટેલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પોતાની રચનાઓનું પઠન કરીને શ્રોતાઓને રસ-તરબોળ કર્યા હતા. આ પ્રસંગે શૈલેષ પંડ્યાને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન પ્રાપ્ત થવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

ઉત્તરાયણની પૂર્વ સંધ્યાએ સેક્ટર-૧૬ સ્થિત યુથ હોસ્ટેલ ખાતે ગાંધીનગર સાહિત્યસભા આયોજિત કાર્યક્રમમાં કલોલના કવિ શૈલેષ પંડ્યા ‘ભીનાશ’ તેમની સ્વરચિત કવિતાઓનું પઠન કર્યુ હતુ. જેમાં એક ગઝલનો તરન્નુમમાં રજૂ કરતા શ્રોતાઓ હર્ષોત્સાહિત થયા હતા. આ કાર્યક્રમમાં કવિનું ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા શાલ ઓઢાડી પુસ્તક તથા બેગની શુભેચ્છા ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. એક કલાક સુધી ચાલેલા કાર્યક્રમમાં ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ, ઉપપ્રમુખ સંજય થોરાત ઉપરાંત મુખ્ય મહેમાન પદે અધિક કલેક્ટર રમેશ ઠક્કર ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનો મોટી સંખ્યામાં સાહિત્ય રસિક શ્રોતાઓએ લાભ લીધો હતો.

